# ધાનેરામાં પ્રિમોન્સૂન પ્લાનની વરસાદ આવે તે પહેલા જ પોલ ખુલી

## ઈન્ચાર્જ પ્રમુખ પોતાની સસ્તી પ્રસિદ્ધિ કરવાનું બંધ કરી ગટરોની સફાઈ કરાવે : પ્રજાજનોનો આક્રોશ







ધાનેરા, તા. ૨૭

ધાનેરા નગરપાલિકાના પ્રિમોન્સૂન પ્લાનની વરસાદ આવે તે પહેલાજ પોલ ખુલી જવા પામી છે અને ધાનેરાના રહેણાંક વિસ્તારમાં વગર ચોમાસે પણ ચોમાસા જેવા દ્રશ્યો સર્જાયા છે અને જાહેર રસ્તામાં ઉભરાયેલી ગટરોના પાણીથી તળાવો ભરાયેલા જોવા મળે છે.

નગરપાલિકા અને મહાનગર પાલિકા ધ્વારા ચોમાસા અગાઉ શહેરમાં આવેલી તમામ ગટરોની સફાઈ કરવામાં આવે છે કે જેને લઈ ચોમાસામાં વરસાદનું પાણી ભરાય નહીં અને પાણી સરળતાથી નિકાલ થઈ શકે ધાનેરા નગરપાલિકા ધ્વારા પણ લોકોને બતાવવા માટે કામગીરી કરી હતી. નાની મોટી ગટરોની સફાઈ કરી સંતોષ માની લીધો હતો ત્યારે આજે મીડિયાની ટીમ ધ્વારા સર્વે કરવામાં આવ્યું હતું. જેમાં ધાનેરા શહેરના કેટલાક વિસ્તારના જાહેર રસ્તા પાણીથી ઉભરાઈ રહ્યા હતા. ચોમાસા પહેલા જ કેટલાક વિસ્તારમાં ચોમાસા જેવી પરિસ્થિતિ જોવા મળી હતી. અને ધાનેરા નગરપાલિકાએ કરેલી કામગીરીની પોલ ખુલી જવા પામી હતી.

ચોમાસા પહેલા જ ગટરો ઉભરાવવા લાગી છે તો પછી વરસાદ આવશે ત્યારે શું થશે, એ એક મોટો સવાલ ઉભો થયો છે માટે ધાનેરાના લોકો કહી રહ્યા છે કે ધાનેરા નગરપાલિકા ઈન્ચાર્જ પ્રમુખ પોતાની સસ્તી પ્રસિદ્ધિ કરવાનું બંધ કરી ગટરોની સફાઈ કરાવે જેથી લોકોને હેરાન ન થવું પડે.




બનાસકાંઠા ના ડીસા માં આજે મોઘવારી મુદે કોંગ્રેશ કાર્યકરો દ્વારા વિરોધ પ્રદશન કરી રેલી કાઢવામાં આવી હતી જેમાં મોટી સંખ્યા માં જોડાયેલા કોંગ્રેસી કાર્યકરોએ બેફામ મોઘવારી માટે ભાજપ સરકાર ને જવાબદાર ઠરવી સુત્રોચાર કર્યા હતા આજે બેફામ ભાવ વધારા સામે લોકો સાથે જોડાઈ કોંગ્રેસ પાટી લડત ના મડાંણ કર્યા છે ત્યારે ડીસા માં આજે કોંગ્રેસ ના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ આગેવાનો સાથે જોડાઈ માજા મુકેલ મોઘવારી સરકાર આધીન હોવાનું જણાવ્યું હતું તેમજ ભાજપ સરકાર જાતેજ પોતાના ગુણગાન ગાઈ લોકો ને ગુમરાંહ કરીરહી હોવાનું જણાવ્યું હતું ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે સરકાર માત્ર પ્રવેશત્સોંવ ના તાહેફા કરી રહી છે સ્કૂલો માં શિક્ષક કોની મોટી ઘટ છે તેલ અને શાખભાજી મોંઘા થયા છે ખેડૂતો પાયમાલ થયા છે તોય સરકાર ખોટો ખોટો જશ લઈ લોકોને ઉલ્લૂ બનાવેછે તેવું જણાવી ભાજપ સરકાર ને અનેક મુદે ઘેરવાનો પર્યાશ કર્યો હતો.

## ખાંધોલમાં ઘાસચારો લેવા ગેરકાયદે પ્રવેશ કરતા ચાર વિરૂધ્ધ ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના ખાંધોલ ગામે રહેતા જીતેન્દ્રકુમાર હીરાભાઈ પટેલના ખેતરમાં રવિવારે ધારાપુર ગામના હાલાભાઈ સોનાજી મકવાણા, ભાથીજી નવાજી મકવાણા, તખાજી નવાજી મકવાણા અને જગાજી સરદારજી મકવાણાએ ખેતરમાં ગેરકાયદે પ્રવેશ કરી ઝઘડો કરી ઈશ્વરભાઈને ધારિયાથી ઈજા પહોંચાડી હતી. તેમજ ચારેય જણાએ ગડદાપાટુનો માર મારી ઈશ્વરભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે જીતેન્દ્રકુમાર હીરાભાઈ પટેલે ચારેય જણા વિરૂધ્ધ જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# મોડાસાની આરટીઓ કચેરીમાં અધિકારીઓને લીલાલહેર અને પ્રજાને પ્રાથમિક સુવિધાના ફાફા

મોડાસા, તા. ૨૭

નવરચીત અરવલ્લી જિલ્લામાં આરટીઓ કચેરી તો શરૂ કરવામાં આવી પણ એક વર્ષ થવા આવ્યુ હોવા છતાં પણ પ્રજા માટે કોઈ જ સુવિધા ના હોય તેવી પરિસ્થિતિ નિર્માણ પામી છે.

મોડાસાની આરટીઓ કચેરીમાં પ્રજા માટે લગાવામાં આવેલા પંખા બધા બંધ છે. જ્યારે અધિકારીઓની ઓફિસમાં એક પણ પંખો બંધ નથી. પ્રજા માટે બનાવવામાં આવેલી કચેરીમાં પ્રજાની કફોડી હાલત છે. અધિકારીઓને પોતાનાની ઓફિસના પંખાના મેન્ટેનન્સ કરવામાં કોઈ જ તકલીફ નથી જ્યારે પ્રજા માટે લગાવવામાં આવેલા પંખા માટે અધિકારીઓને સમય નથી. બીજી બાજુ મુખ્યમંત્રી શૌચાલય બનાવવા હજારો રૂપિયાની જાહેરાતો બનાવવામાં આવે છે. જ્યારે સરકારની જ કચેરીમાં શૌચાલય જેવી પ્રાથમિક સુવિધાના ફાફા છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ગુજરાતને ઘેર ઘેર શૌચાલયની વાતો કરે છે જ્યારે મોડાસાની આરટીઓ કચેરીને શૌચાલય જેવી સુવિધા નથી. એક તરફ પ્રજાને આરટીઓ કચેરી મોડાસાથી ૫ કિ.મિ. દૂર આવેલી છે. જ્યારે શૌચાલય જેવી સુવિધા ના હોય તો પ્રજાને તકલીફોને સમજવા માટે અધિકારીઓ પાસે સમય નથી. પરંતુ હજારો મહિલાઓને લાઈસન્સ જેવી ચીજો માટે આરટીઓ કચેરીમાં આવુ પડે છે જેમાં શૌચાલય જેવી સુવિધાનો અભાવે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. એક બાજુ કેન્દ્ર અને રાજ્ય સરકાર 'સ્વચ્છ ભારત'ના નામે હજારો રૂપિયાના ધુમાડા થાય છે તો સરકાર પોતાની કચેરીઓ જ સ્વચ્છ રાખે તો પ્રજાને સરકારના અભિગમથી સંતોષ થાય તેમ છે.

મોડાસાની આરટીઓ કચેરીમાં ઠંડા પીવાના પાણીના બોર્ડ લગાવવામાં આવે છે પણ બાજુમાં આવેલી કેન્ટીનમાંથી પોતાના પૈસે ખરીદવુ પડે છે. જ્યારે કચેરીઓમાં લાગેલ કૂલર તો ખાલી શોભાના ગાંઠીયા સમાન જ બની ગયું છે. વધતી ગરમી સામે પ્રજાને પીવાના પાણી માટે વલખા મારવા પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે. જ્યારે પાણી જેવી સમસ્યાનું નિરાકરણ કરવામાં અધિકારીઓ અસફળ બન્યા છે. કેન્ટીનમાં પ્રજા પૈસા ખર્ચીને પાણી પીવે છે તો શુ અધિકારીઓનું જાણી જોઈને બંધ રાખવાનું કાવતરૂ નથી તે હજી રહસ્યમય વાત છે.

# ગુંદરી આરટીઓ ચેક પોસ્ટ પર એસીબીના દરોડા આરટીઓ અધિકારી સહિત ૬ની ધરપકડ

## આરટીઓ રાઠોડ ઓપરેટર પ્રવિણ ભાટિયા સહિત ચાર ફોલ્ડરિયા સામે તપાસ હાથ ધરાઈ

ધાનેરા, તા. ૨૭

બનાસકાંઠા જિલ્લો એ ગુજરાત રાજેસ્થાન સરહદ પર આવેલો જિલ્લો અને ગુજરાતથી રાજેસ્થાનને જોડતા માગી પર આવેલી આરટીઓ ચેક પોસ્ટ અત્યારે ભ્રસ્ટાચારના ભરડામાં સંકળાયલી હોય તેવું લાગી રહ્યું છે. પોરબંદર એસીબી દ્વારા ગુંદરી ચેક પોસ્ટ પર સર્ચ ઓપરેશન હાથ ધરતા ૨.૭૪ લાખની રકમ મળી આવી હતી ત્યારે આરટીઓ અધિકારી સહિત ૬ લોકોની ધરપકડ કરી તપાસ હાથ ધરી હતી ત્યારે લોકો કહી રહ્યા છે કે જિલ્લાની તમામ ચેક પોસ્ટ પર એસીબી દરોડા કરે છે તો પછી ધાનેરાની થાવર આરટીઓ ચેક પોસ્ટ પર દરોડા કરશે ખરા?

ગુંદરી ચેક પોસ્ટ પર વાહન દીઠ ૫૦૦ રૂપિયાની એન્ટ્રી ઉઘરાવતા હોવાની રાડ ઉઠવા પામતા આજ રોજ પોરબંદર એસીબી પીઆઈ ડી.ડી. ચાવડાએ ૧૫ જેટલા સ્ટાફ સાથે રાખીને ગુંદરી ચેકપોસ્ટ પર છટકું ગોઠવવામાં આવ્યું હતું જેમાં આરટીઓ હિરેન રાઠોડ ઓપરેટર પ્રવીણ ભાટિયા અને ચાર ફોલ્ડરિયા સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. બીજી તરફ ૧૬ કલાકના સર્ચ ઓપરેશન ધ્વરા એસીબીની ટીમને ૨.૭૪ લાખ જેટલી બિન હિસાબી રકમ મળી આવી હતી ત્યારે ધાનેરા વિસ્તારના લોકો જણાવી રહ્યા છે કે ધાનેરા તાલુકાના થાવર ગામ પાસે આવેલી આરટીઓ ચેક પોસ્ટ પર ફોલ્ડરિયા ધ્વારા વાહન ચાલકો પાસેથી ૫૦૦ થી ૧૦૦૦ રૂપિયા સુધીની એન્ટ્રી લેવામાં આવે છે. વાહન ચાલકો પરેશાન થઈ રહ્યા છે છતાં પણ એસીબી ધ્વારા થાવર ચેક પોસ્ટ પર દરોડા કરવામાં કેમ નથી આવતા. જો એસીબી ધ્વારા થાવર ચેક પોસ્ટ પર ઓચિંતા દરોડા કરવામાં આવે તો લાખોની બિનહિસાબી રકમ મળી આવે તેવી શંકા સેવાઈ રહી છે.








## પ્રાંતિજમાં કોગ્રેસ દ્વારા મોંઘવારી મુદ્દે રેલી યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કોંગ્રેસ જિલ્લા પ્રમુખ તથા પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની આગેવાની હેઠળ પ્રાંતિજ ખાતે હજારોની સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરો દ્વારા શાકભાજીના હાર ધારણ કરી ઢોલ-નગારાં સાથે રેલી યોજાઈ હતી. પ્રાંતિજ ખાતે તા. ૨૬-૬-૨૦૧૬ને રવિવારના દિવસે બપોરના સમયે કોગ્રેસ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની રાહબરી હેઠળ કોંગ્રેસના કાર્યકરો દ્વારા વિવિધ શાકભાજીના હાર બનાવી ગળામાં લટકાવીને પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશનથી બજારમાં વાજતે-ગાજતે રેલી નિકળી હતી અને વિવિધ બેનરો લખાણો, સાથે સરકાર વિરૂદ્ધ મોંઘવારી મુદ્દે રેલી યોજીને સરકાર સામે સુત્રોચ્ચાર કર્યા હતા અને મોધવારીના પૂતળાનું દહન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે કોગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા તાલુકા પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ, મહિલા પ્રદેશ પ્રમુખ રેખાબેન, તાલુકા પંચાયત પ્રમુખ દક્ષાબેન, મણીભાઈ પટેલ તેમજ મોટી સંખ્યામા મહિલાઓ તથા કોંગ્રેસ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં અને મોંધવારી બનાવે પૂતળાં ગરદા પટા મારી ચાલુ સરકાર સામે રોષ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ પણ ભાજપ સરકારને મોંઘવારી મુદ્દે આકરા પ્રહારો કર્યા હતા.

# હિંમતનગર તાલુકા પંચાયતની સામાન્ય સભા ગણતરીની મિનીટોમાં સંપન્ન

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકા પંચાયતના પ્રમુખના અધ્યક્ષ સ્થાને સોમવારે મળેલી સામાન્ય સભા ગણતરીની મિનીટોમાં સંપન્ન થઈ હતી. જોકે આ સભામાં વિકાસના કામો તથા ભ્રષ્ટાચાર અંગે સત્તાધારી અને વિપક્ષના સભ્યો વચ્ચે ચકમક ઝરી હતી.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર તાલુકા પંચાયતના પ્રમુખ ઈમરાનખાન ઠાકોરની અધ્યક્ષતામાં મળેલી સામાન્ય સભામાં વિકાસના કામો તથા ભ્રષ્ટાચારના આક્ષેપ વચ્ચે પ્રશ્નોત્તરીની શરૂઆત થઈ હતી. તાલુકા પંચાયતના વિપક્ષના સભ્યએ આક્ષેપ કરતા જણાવ્યુ હતું કે ઈલોલમાં ગત વર્ષે પડેલા વરસાદને કરણે ૨૦ અસરગ્રસ્તોને થયેલા નુકશાનનું વળતર આજદિન સુધી ચૂકવવામાં આવ્યુ નથી. તેમજ વિકાસ કામોમાં સત્તાધારી પક્ષે વિરોધ પક્ષની બાદબાકી કરી નાખી છે અને રૂા.૬ કરોડના વિકાસ કામો સત્તાધારી પક્ષના સભ્યોએ ફાળવી દઈ મનમાની ચલાવી છે. ઉપરાંત કોંગ્રેસના અંદરોઅંદરના ખટરાગને કારણે પ્રજાને નુકશાન થઈ રહ્યુ છે. વધુમાં તેમણે જણાવ્યુ હતું કે સરકારની વિવિધ યોજનાનો લાભ ગરીબ, ખેડૂતવર્ગના લોકો સુધી પહોંચતો નથી. માત્ર એજન્ટો દ્વારા કામગીરી કરવામાં આવતી હોવાનો આક્ષેપ કરી તેની તપાસ કરવામાં આવે તેવી માગણી કરી હતી.

બીજી તરફ શાસક પક્ષના સભ્યોએ જણાવ્યુ હતું કે ગતિશીલ ગુજરાતની વાતો કરતું રાજય સરકારે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની પ્રજાને અન્યાય કરી આયોજનની ગ્રાન્ટ તથા એ.ટી.વી.ટી.ની ગ્રાન્ટ તેમજ ટ્રાયબલ સબ પ્લાનની ગ્રાન્ટનું મંજુર થયેલુ બજેટ હોવા છતાં પ્રભારી મંત્રીની મિટીંગ બોલાવવામાં આવતી નથી. જેના કારણે ગામડાઓનો વિકાસ અટકી ગયો છે.

આ બેઠકમાં તાલુકા વિકાસ અધિકારી એસ.જે.ચાવડા, કારોબારી સમિતિના ચેરમેન અમિત પટેલ સહિતના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.



## અણીયોર ગામે કૂવામાં અજગર દેખાયો

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના અણીયોર ગામની સીમમાં ઉભરાણ તરફ જતા રોડ પરની બાજુમાં રહેલા કૂવાના પાણીમાં મહાકાય અજગર પડ્યો હોવાનું જાણવા મળતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. અજગર કૂવાના પાણીમાં પડ્યો હોવાનું જીવદયા પ્રેમીઓને જાણ થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી દોઢ કલાકની જહેમત પછી અજગરને બચાવવામાં સફળતા મળી હતી. જીવદયા પ્રેમીઓ અને ગામલોકોએ અજગરને બચાવી નજીકમાં રહેલા સુરક્ષીત જંગલ વિસ્તારમાં છોડી મુક્યો હતો. ગામલોકોએ જીવદયાપ્રેમીઓની સરાહના કરી હતી અને ભયમુક્ત બન્યા હતા.

# આયોજનના કામો ઝડપથી મંજુર કરવા માંગ

હિંમતનગર, તા. ૨૭

ગતિશીલ ગુજરાતના બણગા ફૂંકતી ગુજરાતની ભાજપ સરકાર દ્વારા વિકાસના કામોમાં રોડા નાખીને તે મંજુર કરવા માટે ગલ્લાતલ્લા કરી રહી છે ત્યારે સોમવારે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના નેજા હેઠળ મોંઘવારીના મુદ્દા સાથે રેલી કાઢીને કલેકટરને સંબોધીને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું.

આ આવેદનપત્રમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ વિપુલ પટેલના જણાવાયા મુજબ ગતિશીલ ગુજરાતની વાતો કરતી ગુજરાત સરકાર વિકાસના કામો ઝડપી થયા હોવાના બણગા ફૂંકે છે. પરંતુ જિલ્લા અને તાલુકા પંચાયતમાં ભાજપની સત્તા ન હોવાને કારણે આયોજનના કામો કરવામાં ઉદાસીનતા દાખવવામાં આવી રહી હોવાનો આક્ષેપ કરીને તેમણે વધુમાં જણાવ્યુ હતું કે વર્ષ ૨૦૧૬-૧૭નું બજેટ મંજુર થયું હોવા છતાં જિલ્લાના પ્રભારી મંત્રી મીટીંગ બોલાવતા નથી. જેના કારણે ગામડાઓન વિકાસ અટકી ગયો છે. તાલુકા પંચાયતોમાં કોંગ્રેસ સત્તા પર હોવાથી કિન્નાખોરી રાખી વિકાસ કામો કરવા દેવામાં આવતા ન હોવાનો પણ આક્ષેપ કરાયો છે. જેથી સત્વરે આયોજન, એ.ટી.વી.ટી. તથા સબ ટ્રાયબલની ગ્રાન્ટ સત્વરે મંજુર કરી વિકાસ કામો કરવા જોઈએ. જો તેમ નહિં થાય તો પ્રજાની પડખે રહી કોંગ્રેસ આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરશે.

## ખેડબ્રહ્મા કોલેજમાં પરિચય બેઠક યોજાઈ

ખેડબ્રહ્મા, તા. ૨૮

ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષા પૂર્ણ કરી તથા શાળાકીય જીવનને વિદાય આપી ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થામાં પ્રથમ વર્ષમાં પ્રવેશ લીધેલ કોલેજના વિદ્યાર્થીઓની પરિચય બેઠકનું આયોજન ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્માના સભાખંડમાં કરાયુંહતું. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય એન.ડી. પટેલે નવા પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓનુંસ્વાગત તથા આવનાર ભવિષ્યમાં સતત પ્રગતિ કરી સંસ્થાનું નામ ઉજ્જવળ કરે એવી શુભેચ્છા પાઠવી હતી.